# શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાની મોસમ

## સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ આપતી સંસ્થાઓમાં ઉમેદવારોનો ધસારો : શહેરના વાંચનાલયોમાં ભારે ભીડ : અંદાજે ૪૦ હજાર ઉમેદવારો અન્ય જિલ્લામાંથી ગાંધીનગરમાં તૈયારી માટે ઉમટી પડ્યા છે

ગાંધીનગર, તા. ૮

સ્પર્ધાત્મક પરીક્ષાના ગ્લોબલ હબ સમાન પાટનગર ગાંધીનગરમાં ચોમાસાની મોસમ સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની મોસમ પૂરબહારમાં ખીલી છે. જેને લઈ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાન સ્પર્ધકોમાં પણ અનેરો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. યુવાન સ્પર્ધકો તનતોડ મહેનત કરી કારકિર્દી ઘડવા તત્પર બન્યા છે. ત્યારે સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ આપતી સંસ્થાઓમાં પણ રાજ્યભરના જિલ્લાઓમાંથી ઉમેદવારો ઉમટી રહ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની વિવિધ કચેરીઓમાં ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે મોટા પ્રમાણમાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. રાજ્ય સરકારે બિન સચિવાલય ક્લાર્ક અને સચિવાલય ક્લાર્કની ૩૦૦૦થી વધુ જગ્યાઓ તથા પોલીસ વિભાગમાં ૧૭૦૦૦થી વધુ કોન્સ્ટેબલની જગ્યાઓ તેમજ સચિવાલયમાં નાયબ સેકસન અધિકારી અને નાયબ મામલતદારની ૬૮૫ જેટલી જગ્યાઓ ભરવા મોટા પાયે ભરતી કવાયત શરૂ કરી છે. જેથી રાજ્યના શિક્ષિત બેરોજગાર યુવાનો પણ સરકારી નોકરી મેળવવા સરકારી નોકરીમાં જોડાવવા આગળ આવી રહ્યા છે.

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેના ગ્લોબલ હબ ગણાતા પાટનગર ગાંધીનગર ચોતરફ સ્પર્ધાત્મક પરીક્ષાની મોસમ પુરબહારમાં ખીલી છે. મોટા પ્રમાણમાં યુવાનો યુવતીઓ વિવિધ જિલ્લામાંથી ગાંધીનગરની વાટ પકડી રહ્યા છે. અને ગાંધીનગમાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ આપતી સંસ્થાઓમાં તૈયારી માટે જોડાઈ રહ્યા છે. ગાંધીનગર શહેરમાં અંદાજીત ૮૦ જેટલી નાની-મોટી સંસ્થાઓ ઉમેદવારોને નિષ્ણાંત ફેકલ્ટીના માધ્યમથી અભ્યાસક્રમ લક્ષી સચોટ તાલીમ અને માર્ગદર્શન આપી રહી છે. અંદાજે ૪૦ હજાર જેટલા યુવાનો જુદી જુદી તાલીમ સંસ્થાઓમાં તાલીમ લઈ રહ્યા છે.

ક્લાસીસનો સમય પૂર્ણ થતા જ યુવાનો સેક્ટર-૧૭ લાઈબ્રેરી, ઘ-૪ સ્વર્ણિમ પાર્ક, સે. ૩૦ મુક્તિધામ વગેરે જેવા શાંત સ્થળોએ કલાકોના કલાકો વાંચન કરતા નજરે પડી રહ્યા છે. બીજી તરફ હાલ સ્પર્ધાત્મક પરીક્ષા માટેના સાહિત્યનું બજાર પણ સતત જામતુ જાય છે. જેમાં વિદ્યાર્થીઓને મદદ માટે અવનવા માહિતી પ્રદ સાહિત્યો પણ વેચાણ અર્થે આવી રહ્યા છે.

રાજ્ય સરકારે ભરતી કવાયત શરૂ કરતા લાયક ઉમેદવારોમાં પણ ભરતીને લઈ અનેરો આનંદ અને ઉત્સાહ દેખાઈ રહ્યો છે. યુવાનો તનતોડ મહેનત કરી ગમે તે ભોગે સરકારી સેવામાં જોડાવવા ભારે તત્પર બની રહ્યા છે.

શહેરમાં મોટા પ્રમાણમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા આવતા ઉમેદવારોને લઈ શાંત ગણાતા ગાંધીનગરમાં મોડી રાત સુધી ગ્રંથાલયોની આસપાસ ભારે ચહલપહલ જોવા મળી રહી છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા આવતા અન્ય શહેરના ઉમેદવારોને લીધે ગાંધીનગર શહેરમાં કેટલાક ધંધા રોજગારને પણ આર્થિક રીતે લાભ અને ફાયદો થતા તેનો વિકાસ થઈ રહ્યો છે.

### ટીફીન સર્વિસ પ્રવૃત્તિમાં વધારો

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરવા ગાંધીનગરમાં આવતા યુવાનોને જમવાની સુવિધા આપતી હોટલો, લોજ અને ટીફીન સર્વિસ પ્રોવાઈડરની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે.

### ગાંધીનગરની હોસ્ટેલો ઉમેદવારોથી ઉભરાઈ

બહારગામથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા આવતા ઉમેદવારોથી શહેરની હોસ્ટેલો પણ સતત ઉભરાઈ રહી છે. તો કેટલીક નવી હોસ્ટેલો, પી.જી. ગેસ્ટ ખુલી રહ્યા છે. જ્યારે ભાડે મકાનો મળવા પણ મુશ્કેલ બન્યા છે અને સામે ભાડા પણ ઉંચકાઈ રહ્યા છે.

# રાંધેજા શ્રીજી બંગ્લોઝમાં લાઈટના ધાંધીયાથી રહિશો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરને પાદરે આવેલા રાંધેજા ગામ ખાતે સ્થિત શ્રીજી બંગ્લોઝમાં છેલ્લા ઘણા સમયથી લાઈટના ધાંધિયા જોવા મળે છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં લાઈટ ચાલુ બંધ થવાને પગલે રહિશો હેરાન થઈ ગયા છે. લાઈટ ડુલ થવાને પગલે સોસાયટીના રહિશોના વિજ ઉપકરણોને પણ નુકશાન થવા પામ્યું છે. જી.ઈ.બી. તંત્રને રહિશોએ લેખિત જાણ કરી રજુઆત કરતા તંત્ર એ ૬ દિવસમાં નિવેડો લાવવા હૈયાધારણા આપી છે. આ વિજ સમસ્યાનું ૬ દિવસમાં સમાધાન નહી કરવામાં આવે તો શ્રીજી બંગ્લોઝના રહીશોએ ભુખ હડતાલની ચિમકી ઉચ્ચારી છે.



ઉનાળાની કાળઝાળ ગરમીમાં નાગરીકો શેકાઈ ગયા હતા. ગરમીથી રક્ષણ મેળવવા નગરજનો ઘરમાં વિજ ઉપકરણોના સહારે હતા. તેવી સ્થિતિમાં રાંધેજા ગામમાં વિજ પરિસ્થિતિ કપરી બની જવા પામી છે. વારંવાર વિજ પુરવઠો ખોટકાતા ગ્રામજનો હેરાન પરેશાન થઈ ગયા છે. છેલ્લા એક વર્ષથી વધુના સમયથી આ સમસ્યા હોવા છતા જીઈબીના અધિકારીઓનું પેટનું પાણી હલતું નથી. ચોમાસાની રૂતુ હોવા છતા વરસાદ ન વરસતા બફારાથી નાગરીકો તૌબા પોંકારી ઉઠ્યા છે. ત્યારે ગાંધીનગરના પાદરે આવેલ રાંધેજા ગામ વિસ્તારમાં સ્થિત શ્રીજી બંગ્લોઝ ખાતે વિજળી ડુલ થવાના કિસ્સા સામે આવ્યા છે. નાગરીકોએ અનેકવાર લેખીત રજુઆત તંત્રને કરી હોવા છતા સમાધાન થવા પામ્યું નથી. વારંવાર લાઈટ ખોટકાતા રહીશોના ટીવી, ફ્રીજ, કોમ્પ્યુટર, વોંશીગ મશીન, ઘરઘંટી સહિતના આધુનિક ઉપકરણોને નુકશાન થવા પામ્યું છે. ત્યારે આજે રહીશો જીઈબી કચેરી ખાતે દોડી ગયા હતા અને સમસ્યાની રજુઆત અધિકારી પાસે કરી હતી. અધિકારીએ ૬ દિવસમાં યોગ્ય સમાધાન થઈ જશે તેવી હૈયાધારણા આપતા રહીશો પરત ફર્યા હતા. પરંતુ ૬ દિવસમાં સમસ્યાનો ઉકેલ નહી આવે તો જીઈબી કચેરી ખાતે શ્રીજી બંગ્લોઝના રહીશો ભુખ હડતાલ પર ઉતરશે તેવી ચિમકી ઉચ્ચારી છે.




# 'ચ' માર્ગ પર સ્કૂટી-સાયકલ વચ્ચે અકસ્માત, ટ્રાફિક ચક્કાજામ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના હાર્દસમા 'ચ' માર્ગ પરના સેક્ટર-૮માં જવાના વળાંક પાસે આજે સાંજના એક સામાન્ય અકસ્માત થયો હતો. આ અકસ્માત અને સચિવાલય છુટવાના સમય દરમ્યાન હોવાથી લગભગ અડધા કલાક સુધી ટ્રાફિક ચક્કાજામ બન્યો હતો. અકસ્માતમાં ઘાયલ થયેલ વ્યક્તિને લેવા આવનાર ૧૦૮ એમ્બ્યુલન્સ પણ આ ટ્રાફિકમાં ફસાઈ ગઈ હતી. ગાંધીનગર શહેરના હાર્દ સમાન ચ-માર્ગ પર ઓફિસ અવર્સ દરમીયાન ટ્રાફિક વધુ રહે છે. ટ્રાફિકની સમસ્યાને હલ કરવા માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સુચારૂ વ્યવસ્થા કરવામાં આવી છે. જેના કારણે સામાન્ય અકસ્માતો થતાં અટકી રહ્યા છે.

આજે સાંજના સુમારે સચિવાલય છુટવાના સમયે ચ-માર્ગ પરથી સેક્ટર-૮માં વળાંક પાસે એક થ્રી વ્હીલર્સ સ્કૂટી અને અને સાયકલ વચ્ચે સામાન્ય અકસ્માત થયો હતો.



અકસ્માતમાં સ્કૂટીમાં પાછળ બેઠેલા એક બેનને સામાન્ય ઈજાઓ થઈ હતી. જેના કારણે ચ-માર્ગ પર પૂરપાટમાં જતા વાહનોને સેક્ટર-૮ પાસેના વળાંક પર બ્રેક વાગી ગઈ હતી. થોડાક જ સમયમાં સચિવાલય છુટવાનો સમય હોવાથી અડધો કિલોમીટર જેટલો ટ્રાફિક જામ થવાથી સેક્ટર-૮ અને ૭માં નજીક રહેતા રહીશો પણ રોડ પર અકસ્માત અને ટ્રાફિક જામનો નજરો જોવા દોડી આવ્યા હતા.

અકસ્માતમાં ઘાયલ થયેલ બેનને સિવિલ હોસ્પિટલ લઈ જવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સ આવતી હતી તે પણ ટ્રાફિકમાં ફસાઈ ગઈ હતી. એમ્બ્યુલન્સ ઘાયલ થયેલ બેનને લેવા માટે ૧૦ મિન્ટે પહોંચી હતી.

## ખૂણે ખાંચરેથી...

● સૌંદર્ય-૪૪૪ સામે ચાલી રહેલ ખ-રોડના કામ માટે ખોદાયેલી ચોકડીમાં આજે એક કાર પલ્ટી ખાઈ ગઈ હતી. સદનસીબે કોઈને ઈજા થઈ ન હતી, પરંતુ અકસ્માતને કારણે લોકો ભેગા થઈ ગયા હતા.

● સેકટર-૨૪માં ઈકબાલની મેલડી સામેના બગીચાની બિસ્માર હાલતને લઈ લોકોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

● ગોપાલક વિકાસ બોર્ડની આજે બોર્ડ બેઠક મળી હતી.

● ગાંધીનગર તાલુકાની આશા બહેનોનો એક વર્કશોપ આજે આંબેડકર હોલ, સે.૧૨ ખાતે યોજવામાં આવ્યો હતો.

● વરસાદના પ્રથમ રાઉન્ડ પછી ગરમી અને બફારાને લઈ નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● વિશ્વ વસતી દિવસની ઉજવણીને લઈ આજે તાલુકા આરોગ્ય અધિકારીની કચેરીએ ભુવા સંમેલનનું આયોજન કરાયું હતું.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની પાનસર બેઠકની પેટા-ચૂંટણીને લઈ આ બેઠકમાં આવતા ગ્રામ્ય વિસ્તારોમાં નારદીપુર, ઈસંડ, મોખાસણ, પાનસર, વડાસ્વામી ગામે કોંગ્રેસની રેલીઓનું આયોજન કરાયું હતું.

# સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફની ભરતી કરાઈ

## જીએમઈઆરએસ દ્વારા રાજયની ૭ મેડીકલ કોલેજમાં નર્સિંગ સ્ટાફની અંદાજે ૯૪૦ જગ્યા ભરવામાં આવી

ગાંધીનગર, તા.૮

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા રાજયભરમાં આવેલ ૭ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ માટે અંદાજે ૯૪૦ નર્સિંગ સ્ટાફની ભરતી તાજેતરમાં કરવામાં આવી છે. જેને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ નર્સિંગમાં ખુટતો મહેકમ ભરપાઈ થવા પામ્યો છે. હોસ્પિટલમાં અંદાજીત ખાલી પડેલી નર્સિંગની જગ્યાઓમાંથી ૧૪૦ જગ્યા ભરવામાં આવી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર અર્થે આવે છે. કોર્પોરેટ લુક ધરાવતી હોસ્પિટલમાં મેડીકલ કોલેજને પગલે દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ અને ઈન્ડોર દર્દી માટે ૮ માળની નવી અધ્યતન ૬૦૦ બેડની હોસ્પિટલ દર્દીઓ માટે લાભદાયક બની છે. હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફ અછત હોવાથી કયાં, કયારેક બુમ ઉઠવા પામી હશે. જેને પગલે ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા રાજયમાં આવેલ ગાંધીનગર, સોલા, વડોદરા, વલસાડ, પાટણ, વડનગર અને હિંમતનગરમાં આવેલ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ માટે અંદાજીત ૯૪૦ નર્સિંગ સ્ટાફની ભરતી કરાઈ છે. આ ભરતીને કારણે હોસ્પિટલમાં દર્દીની સારવારમાં ઉઠવા પામતી બુમ નહી પડે. તેમજ સ્ટાફનું મહેકમ ભરાઈ જતા દર્દીઓને સારવારમાં પણ લાભદાયક નીવડશે.ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ ૧૪૦ નર્સિંગ સ્ટાફ જીએમઈઆરએસ દ્વારા ફાળવાયો છે. ઉલ્લેખનીય છે કે કોર્ટ મેટરને પગલે અંદાજે ૧૫ માસથી બંધ રહેલી નર્સિંગ સ્ટાફની ભરતીની કામગીરી પુનઃ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત મેડીકલ સોસાયટી દ્વારા અંદાજે ૯૪૦ ઉમેદવારોને તાજેતરમાં ઓર્ડર આપવામાં આવ્યા છે.

# ચંપાવતના આક્ષેપોને વખોડી મંત્રી ચુડાસમામાં વિશ્વાસ વ્યકત કરતા રાજપૂત સમાજના અગ્રણીઓ

ગાંધીનગર, તા.૮

તલાટી કૌભાડમાં સંડોવાયેલા કલ્યાણસિંહ ચંપાવતે રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા પર સરકારી ભરતીમાં મોટાપાયે ગેરરીતી આચરી હોવાની તેમજ રૂપીયા લઈ ગેરલાયક ઉમેદવારોને સરકારી નોકરીમાં ઘુસાડ્યા હોવાનો આક્ષેપ ચંપાવત દ્વારા તાજેતરમાં કરવામાં આવ્યો છે. ચંપાવત દ્વારા મંત્રી ભુપેન્દ્રસિંહ પર કરવામાં આવેલા વિવિધ આક્ષેપોને ગાંધીનગર તેમજ અમદાવાદના રાજપૂત અગ્રણીઓએ સખત શબ્દોમાં વખોડી કાઢીને મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમામાં વિશ્વાસ વ્યકત કર્યો છે અને આવી હિન પ્રવૃતિ બદલ ચંપાવતનો બહિષ્કાર કરવા સમાજના કાર્યકરોને અપીલ કરી છે.



ગાંધીનગર અને અમદાવાદના શહેર રાજપૂત સમાજના સંગઠનના અગ્રણી, હોદેદારો, અને કાર્યકરો કેશરીસિંહ વાઘેલા, પદમસિંહ ચૌહાણ, પી.પી. બિહોલા, દિનેશસિંહ ચાવડા, ( તમામ રહે. ગાંધીનગર) તેમજ દિલીપસિંહ ચાવડા ( અમદાવાદ રાજપૂત વિદ્યાસભા), તેમજ અન્ય અગ્રણીઓ મોટીસંખ્યામાં આજે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાજીને મળ્યા હતા. તાજેતરના બનાવોના સંદર્ભમાં સૌ એ મંત્રી ચુડાસમામાં વિશ્વાસ વ્યકત કરી જયાં જરુર પડ્યે ત્યાં સાથ અને સહકાર આપવાની ખાત્રી આપી હતી. ચંપાવત દ્વારા શિક્ષણમંત્રીની છબીને નુકશાન કરી અંગત મહત્વકાંક્ષાઓ સિધ્ધ કરવાની નકારાત્મક પ્રવૃતિઓને સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવી હતી.તેમજ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહે સમાજના સૌ ભાઈઓને શાંતિ રાખી માત્ર અને માત્ર સત્યની પડખે રહેવા વિનંતિ કરી હતી. તેઓએ સૌ આગેવાનોએ પ્રત્યે દર્શાવાયેવલ લાગણી બદલ આભાર વ્યકત કર્યો હતો. સમાજના આગેવાનો એ સૌ કાર્યકરોને આવી હિન પ્રવૃતિ બદલ ચંપાવતનો સામાજીક બહિષ્કાર કરવા સૌ ને અપીલ કરી હતી.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ઈન્કમ ડિક્લેરેશન સ્કીમ-૨૦૧૬
સંદર્ભે માર્ગદર્શન સેમિનાર

યોજના અંગે માર્ગદર્શન આપશે
શ્રી અરુણ જેટલી
માન. કેન્દ્રિય નાણામંત્રી,
ભારત સરકાર

પ્રેરક ઉપસ્થિતિ
શ્રીમતી આનંદીબેન પટેલ
માન. મુખ્યમંત્રી,
ગુજરાત રાજ્ય

સેમિનારમાં ઉપસ્થિત રહેવા
ભાવભર્યું આમંત્રણ છે

તારીખ : ૧૦મી જુલાઈ, ૨૦૧૬ રવિવાર
સમય : સવારે ૧૦ કલાકે
સ્થળ : ગુજરાત યુનિવર્સિટી ઓડીટોરીયમ જી.એમ.ડી.સી. મેદાન, અમદાવાદ




નાણા વિભાગ, ગુજરાત રાજ્ય